**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૧૭ ટકા

# સિવિલમાં ટુડી - ઈકોમાં ડૉક્ટરની મનમાની

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ આઈસીયુ વોર્ડમાં સપ્તાહમાં બે વાર હૃદય સંબંધિત બિમારીથી પિડાતા દર્દીઓનો ટુડી ઈકોનો ટેસ્ટ કરવામાં આવે છે. આ ઈકો કાર્ડીયોગ્રાફિક મશીન દ્વારા ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ માટે યુ.એન.મહેતા થી ડોકટર્સ આવે છે. પરંતુ ડોકટર્સનો આવવા જવાનો ટાઈમ નિયત ન હોવાથી દર્દીઓને ભારે હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. જયારે સામાન્ય પણ મશીન ખોટકાય તો ડૉક્ટર્સ રીપેર થવાની રાહ જોયા વિના ચાલતી પકડી લે છે. જેથી કલાકો સુધી ઈકો ટેસ્ટની રાહ જોતા બેઠા દર્દીઓમાં રોષ ફેલાયો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. સિવિલની ઓપીડી તેમજ ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ભરાયેલી જોવા મળે છે. તાવથી માંડીને કીડનીની બિમારીથી પિડાતા દર્દીઓની સારવાર થાય છે. ત્યારે ગાંધીનગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ હૃદય સબંધિત બિમારીના દર્દીઓ પણ મોટી સંખ્યામાં આવે છે. ત્યારે ડોકટર દ્વારા ચકાસણી કરીને ટુડી ઈકોના ટેસ્ટ જરુર જણાય તો કરાવવામાં આવે છે. ત્યારે આ ટેસ્ટ સિવિલમાં માત્ર બુધવાર અને શુક્રવારના રોજ બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં જ કરવામાં આવે છે. આ ટેસ્ટ માટે આરોગ્ય વિભાગની સુચના થી યુ.એન.મહેતા હોસ્પિટલમાંથી ગાંધીનગર સિવિલમાં બે ડૉક્ટર આવે છે. ટુડી ઈકો માટે બપોરના ૨ કલાકથી દર્દીઓ રાહ જોઈને બેઠા હોય છે ત્યારે ડૉક્ટરને દર્દીઓની પડી ના હોય તેમ ૩ વાગ્યા પછી આવે અને ૫ વાગ્યા ના હોય તે પહેલા નીકળી જાય છે જેને પગલે દુરથી આવેલા દર્દીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. જયારે મશીન સામાન્ય ખોટકાય તો પણ ડૉક્ટર્સ રાહ જોવાની જગ્યાએ તુરંત જ નીકળી જાય છે. ત્યારે હદય સબાંધિત બિમારીથી પિડાતા દર્દીઓના ટુડી ઈકો સમયસર ન થતા દર્દીઓમાં નારાજગી વર્તાઈ રહી છે. ત્યારે યુ.એન. મહેતામાંથી આવતા ટુડી કાડીયોગ્રાફીક મશીન ચલાવતા ડૉક્ટર્સ પોતાના નિયત સમયે આવે અને જાય તેવી પ્રબળ માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.



શાસનપતિ ભગવાન મહાવીર સ્વામી જન્મકલ્યાણકની ઉજવણી નિમિત્તે શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સેકટર-૨૨, ગાંધીનગર તરફથી આજે જૈન દેરાસર ખાતે ગરીબોને બુંદીના લાડુ, સેવ-બિસ્કીટ અને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અંધશાળાના બાળકો, સ્પેશ્યલ કેર હોમના બાળકોને પણ આ દરેક વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું.





## હનુમાન જયંતિના દિવસે સે-૨ બાલા હનુમાન મંદિર ખાતે પોલીસ બેન્ડ દ્વારા આરતી કરાઈ

શહેરમાં હનુમાન જયંતિ ભારે ભાવપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ છે. ત્યારે સેકટર-૨ સ્થિત બાલા હનુમાન મંદિર ખાતે પણ સવારથી જ ભકતોની ભારે ભીડ જોવા મળી હતી. હનુમાન મંદિર ખાતે દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્મો યોજાયા હતા. જયારે સાંજે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પોલીસ બેન્ડની ધુન વચ્ચે હનુમાનજીની આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતો હાજર રહ્યા હતા.

## ભારત બંધના એલાનને એલઆઈસીના એસ.સી.-એસ.ટી. કર્મચારીઓનું સમર્થન

ગાંધીનગર, તા.૧

તાજેતરમાં સુપ્રિમ કોર્ટના એટ્રોસીટી એકટના ચુકાદના વિરોધમાં કેટલીક સંસ્થાઓ દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. ૨ એપ્રિલના રોજ એટલે કે આવતીકાલે ભારત બંધનું એલાન થતા ભારતીય જીવન વિમા નિગમના એસસી, એસટી કર્મચારીઓ બીજી એપ્રિલની રજા પાડી ભારત બંધને પોતાનો સહયોગ આપશે તેમ સંસ્થાના જનરલ સેક્રેટરી પ્રવિણ પરમારે જણાવ્યું હતું.

ભંગારના સામાનની આડમાં

# પુન્દ્રાસણમાં દારૂના અડ્ડા ઉપર ટેમ્પો પહોંચે તે પહેલા જ પકડાઈ ગયો

**આર.આર. સેલે વિદેશી દારૂની પેટીઓ ભરેલા ટેમ્પો સાથે રાત્રે એકનો પકડયો : પુન્દ્રાસણમાં બુટલેગર કિરણ ઠાકોરને માલ પહોંચાડવા જતો હતો : પુછપરછ શરુ**





ગાંધીનગર, તા.૧

પુન્દ્રાસણ ગામમાં દારૂનો અડ્ડો કયારેય બંધ નથી થતો. આ વાત પોલિસ પણ જાણે છે. આ અડ્ડા ઉપર કયારેક પોલિસની છુપી પરમીશનથી દારૂ વેચાય છે તો કયારેક પરમીશન ન હોય તો તે સમયે બુટલેગર પોતાની રીતે ખાનગી રાહે દારૂનો ધંધો કરે છે. પુન્દ્રાસણના અડ્ડા ઉપર ગઈ કાલે રાત્રે ટેમ્પો ભરીને દારૂ પહોંચાડવા ડ્રાઈવર નીકળ્યો હતો ત્યારે ગાંધીનગર આર.આર. સેલે દરોડો પાડીને પુન્દ્રાસણ નજીકથી જ ભંગારના સામાનની આડમાં દારૂ ભરેલા ટેમ્પો સાથે ડ્રાઈવરને દબોચી લીધો હતો જયારે ડ્રાઈવર સાથે આવેલો એક શખ્સ ફરાર થઈ ગયો હતો. આર.આર. સેલે રૂ. ૧.૦૮ લાખનો દારૂ અને ટેમ્પો જપ્ત કરી પકડાયેલા ડ્રાઈવરની ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર આરઆરસેલના પીએસઆઈ ભાવેશ રબારીની ટીમે ગઈ રાત્રે પુન્દ્રાસણ પાસે વૉચ ગોઠવીને ચોકકસ બાતમીને આધારે જીજે ૮ પાસીંગનું પીકઅપ ડાલુ (ટેમ્પો) પકડી પાડયું હતું. આ ટેમ્પોમાં ભંગારના સામાનની આડમાં વિદેશી દારૂની ૩૦ પેટીઓ ભરેલી હતી. રૂ. ૧.૦૮ લાખની કિંમતના વિદેશી દારૂ અને ટેમ્પો સાથે ડ્રાઈવર ગણપત સેંધા વણકરને દબોચી લેવામાં આવ્યો હતો. મુળ રાજસ્થાનનો અને હાલ દિયોદર વિસ્તારમાં રહેતા આ ડ્રાઈવરની ઊંડી પુછપરછ કરતા પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ માલ પુન્દ્રાસણના બુટલેગર કિરણ પબા ઠાકોરને ત્યાં લઈ જવાઈ રહ્યો હતો. આરઆરસેલે ડ્રાઈવરની ધરપકડ કરીને કિરણને પકડવા માટે તજવીજ શરુ કરી છે. ડ્રાઈવર કયાંથી માલ લાવ્યો હતો અને મુખ્ય બુટલેગરો કોણ કોણ છે તે સહિતની ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે. આ ઘટનામાં ટેમ્પો પકડયો ત્યારે તેમાં બેઠેલો એક અન્ય સાગરીત તારા મદરૂપ વણકર (રહે. થરાદ) ફરાર થઈ ગયો હતો તેની પણ ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## પીપળજમાં યુવતીની છેડતી મામલે એક સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીકના પીપળજ ગામે ૧૮ વર્ષીય યુવતી સાથે ગામના જ એક શખ્સે ઘરની લાઈટ ચાલુ કરવા ઘરમાં ઘુસી યુવતી સાથે છેડતી કરતા મોટી બબાલ થવા પામી હતી. આ બનાવ અંગે પેથાપુર પોલિસે છેડતીનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ પી.એસ.આઈ. દેસાઈ ચલાવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના પીપળજ ગામે રહેતા પીન્ટુ ઉર્ફે ગજેન્દ્ર કાનાજી વાઘેલા નામના શખ્સે નજીકમાં રહેતી ૧૮ વર્ષીય યુવતીના ઘરમાં બંધ લાઈટ ચાલુ કરવા બાબતે ઘુસી યુવતીની મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધવાની કોશિશ કરતો હતો મહિલાએ બુમાબુમ મચાવતા શખ્સ નાસી છૂટયો હતો. આ ઘટના અંગે પરિવારજનો દોડી આવ્યા હતા અને બાદમાં પીન્ટુ-ઉર્ફે ગજેન્દ્ર કાનાજી વઘેલા સામે પેથાપુર પોલિસમાં ફરિયાદ નોંધાવી હતી જે મામલે પી.એસ.આઈ. દેસાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભાટ ટોલટેકસ પાસે વધુ એક હીટ એન્ડ રન

**બેફામ જતી કારે રાત્રે એક વાગ્યે બાઈકને ટકકર મારી : બાઈક સવાર બરોડાના બંને યુવાનો ઘાયલ : પાછળ બેઠેલા યુવાનનું કરૂણ મૃત્યુ : કાર ચાલક ફરાર**

ગાંધીનગર, તા.૧

સરદાર પટેલ રીંગરોડ ઉપર ભાટ ટોલટેકસ પાસે ગઈ રાત્રે એક વાગ્યે હીટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. બેફામ ગતિએ જતી અજાણી કારે બાઈકને ટકકર મારતા ગંભીર રીતે ઘવાયેલા બરોડાના બાઈક સવાર પૈકી એકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ ટોલટેકસથી મેળવી ફરાર કાર ચાલક આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના તરણેત ગામમાં રહેતા શ્યામજીભાઈ આરસીભાઈ વસાવા તેમનું જીજે ૬ કે.એચ. ૬૮૪૭ નંબરનું બાઈક લઈને અમદાવાદ સરદાર પટેલ રીંગ રોડ પર નાના ચિલોડાથી એપોલો સર્કલ તરફ આવી રહ્યા હતા. તેમના બાઈકની પાછળ આકાશ ભરતભાઈ બારોટ બેઠો હતો. બંને રાત્રે એક વાગ્યે ભાટ ટોલટેકસ નજીક પહોંચ્યા ત્યારે બેફામ ગતિએ આવતી અજાણી કારે તેમને ટકકર મારતા બાઈક સાથે બંને બાઈક સવારો ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયા હતા. અકસ્માત કરીને અજાણ્યો કાર ચાલક અંધારામાં રફફુચકકર થઈ ગયો હતો તો બીજી તરફ બાઈક સવાર બંને યુવાનોને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલા યુવાન આકાશ બારોટનું ઘટના સ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. જયારે શ્યામજીભાઈને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. ઈન્ફોસીટી પોલિસે ઘાયલ શ્યામજીભાઈની ફરિયાદ લઈને અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરી ટોલટેકસ પાસેના સીસીટીવી ફુટેજ મેળવી આરોપી કાર ચાલક સુધી પહોંચવા પ્રયાસ શરુ કર્યા છે.

## સે-૭ ખાતે જન જાગૃતિ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧

જિલ્લા અદાલત ગાંધીનગર દ્વારા જન જાગૃતિ શિબિર તા. ૩ એપ્રિલના રોજ સાંજે ૫.૩૦ કલાકથી ૭ કલાક દરમિયાન શિવશકિત મહાદેવ મંદિર પાસેના ચોકમાં સે-૭-સી ખાતે યોજાશે.

જન જાગૃતિ શિબિરમાં આરોગ્ય સંભાળ, આહાર, પર્યાવરણ, સોશિયલ મીડીયા, બેંક કાર્ડ, આરટીઆઈ, આરસીપીએસ અંગેની જાણકારી આપવામાં આવશે. બેઠકમાં વકતા તરીકે જયરામ સ્જોની, અનિલ કકકડ વિગેરે તરફથી માર્ગદર્શન અને જાણકારી આપવામાં આવશે. બેઠક પુરી થયા બાદ શરતોને આધીન બ્લડ ગ્લુકોઝ ટેસ્ટ કરવામાં આવશે. આ શિબિરમાં શહેરના નાગિરકોને બહોળી સંખ્યામાં હાજર રહી લાભ લેવા વિનંતી છે. વધુ માહિતી માટે ૯૪૨૮૦૪૯૬૨૧ અને ૯૪૨૭૬૦૦૨૭૬ પર સંપર્ક કરી શકાશે.

**ચિરવિદાય**

● સ્વ. દાપુબેન દશાજી વણઝારા, ઉ.વ. ૯૩

# તમને લાગે છે કે સાંભળ્યુ, પણ નથી સાંભળ્યુ..!!

**બાળકોથી માંડીને વડીલો તમામ વયમાં વધી રહેલી બહેરાશની સમસ્યાઃ બિનજરૂરી ઘોંઘાટ કે કાનમાં ઇયરફોનથી વધુ પડતા મોટા અવાજે સંગીત સાંભળવાની આદત જોખમીઃ બહેરાશ ધરાવતી વ્યક્તિઓ સાથે સમજદારીભર્યુ વર્તન જરૂરી**

ગાંધીનગર, તા.૧

‘કહું છું સાંભળો છો? બ્હેરાં થઈ ગયા છો કે શું? મારું બોલેલું તો તમને સંભળાતુ જ નથીને..’ આવો સંવાદ ગુજરાતી પરિવારોમાં સામાન્યપણે સાંભળવા મળતો હોય છે. આમ તો આ સંવાદ મજાક, અણગમા કે ગુસ્સો વ્યકત કરવા માટે સાંભળવા મળે છે પરંતુ હકીકતમાં બહેરાશ ધરાવનારની હાલત શું તે અંગે અજાણ જ રહ્યાં છીએ. તાજેતરમાં જ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મોટી સંખ્યામા બાળકોની એક સાથે કોકલિયર ઈંપ્લાન્ટ સર્જરી કરવામાં આવી હતી.

આપણા ત્યાં હજુ પણ બહેરાશને ખૂબ હળવાશથી લેવામાં આવે છે અને સામાન્ય બહેરાશનો ભોગ બનનારની હાલત ખૂબ કફોડી હોય છે કારણકે તેની આ તકલીફને કોઈ ગંભીરતાથી લેતું નથી અને ઘણા તો આ તકલીફને મજાકનું પાત્ર બનાવી હાંસી ઉડાવે છે. જો કે હકીકત તો એ છે કે દિવસેને દિવસે વધુને વધુ વ્યક્તિઓ બહેરાશ નામની બિમારીનો ભોગ બનતા જાય છે અને આમ છતાં આપણે આ રોગના દર્દીઓ પ્રત્યે બેદરકારી દાખવીયે છીએ એટલું જ નહી હજુ પણ આપણે રોજીંદા જીવનમાં એટલો ઘોંઘાટ પેદા





કરીએ છીએ કે જેના કારણે આપણી આસપાસ બહેરાશ ધરાવતા નાગરિકો વધતાં જ જાય છે. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓન ડેફ એન્ડ અધર કોમ્યુનિકેશન ડિસઓર્ડર એટલે કે એનઆઇડિસીએમના વર્ષ ૨૦૧૭-૧૮ના એક રિપોર્ટ મુજબ બહેરાશ ધરાવનારા વ્યકિતઓની સંખ્યા દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધતી જાય છે. કુદરતે આપણને પાંચ ઈન્દ્રિય ભેટમાં આપી છે, પરંતુ કોઈ કારણસર એમાંની કોઈ એક ઈન્દ્રિય નબળી પડે તો વ્યક્તિના જીવનની ગુણવત્તામાં ઘણો ફરક પડે છે. આ પાંચમાંની એક



ઈન્દ્રિય છે શ્રવણશક્તિ, જેને માટે આપણે ઘણા બેફિકર રહીએ છીએ. આજના સમયમાં યુવાનો અને બાળકોમાં સ્માર્ટ મોબાઈલ ફોનમાં ‘હેન્ડ્સ-ફ્રી’ ઈયરફોન વાપરવાનો ક્રેઝ ખૂબ જોવા મળે છે અને એમાં પણ કાનના નાજુક અવયવોને નુકસાન થાય તે રીતે સતત ઘોંઘાટભર્યુ સંગીત સાંભળવા અથવા તેવી ઓડિયો ઈફેક્ટ ધરાવતા વિડિયો જોયા કરતા હોય છે. શ્રવણશક્તિ જાળવી રાખવા માટે આપણે કોઈ પ્રયત્ન કરતા નથી, જે આપણી પાસે છે એ વસ્તુનું મૂલ્ય કદાચ આપણને ત્યારે જ સમજાય છે જ્યારે ધીમે-ધીમે એને ગુમાવતા જઈએ છીએ. એક હકીકત એ છે કે દુનિયામાં ૩૬૦ મિલિયન લોકો છે, જેની શ્રવણશક્તિ વધતા-ઓછા અંશે કમજોર થઈ ગઈ છે. આ સ્થિતિ એ દર્શાવે છે કે સમગ્ર દુનિયામાં પાંચ ટકા નાગરિકોને સ્પષ્ટ સાંભળવામાં તકલીફ છે જે ચિંતાજનક આંકડો હોવા સાથે તેમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે.

વ્યક્તિમાં ચાર પ્રકારની બહેરાશ જોવા મળે છે જેમાં માઈલ્ડ, મોડરેટ, સિવિયર અને પ્રોફાઉન્ડનો સમાવેશ થાય છે. જો તમને જરા પણ લાગે કે સાંભળવામાં તકલીફ પડી રહી



છે તો તરત જ તમારે કાન, નાક અને ગળાના નિષ્ણાત ડોક્ટર પાસે જવું જોઈએ અને જરૂરી ચેક-અપ તથા ટેસ્ટ કરાવવી જોઈએ. આવા દરદીઓનો પ્રથમ ઓડિયોગ્રામ કાઢવામાં આવે છે, જેના દ્વારા ખબર પડે છે કે તેમની બહેરાશની ઈન્ટેન્સિટી કેટલી છે. આ એક સબ્જેક્ટિવ ટેસ્ટ છે, જેમાં દરદીએ શું સાંભળ્યું એ વિશે તેને જણાવવાનું હોય છે. આ ટેસ્ટ નાનાં બાળકોમાં કરવી શક્ય ન હોવાથી તેમના માટે એક જુદી ટેસ્ટ હોય છે, જેને બ્રેઈન્સ્ટિમ ઈવોક્ડ રિસ્પોન્સ ઓડિયોમેટ્રી એટલે કે ‘બેરા’ ટેસ્ટ કહે છે. આ ટેસ્ટ દ્વારા દર્દીની બહેરાશનો અંદાજ લગાવી શકાય છે. એનઆઇડીસીડીના રિપોર્ટ મુજબ નવા જન્મેલા બાળકોમાં પણ બહેરાશની સમસ્યા ધરાવતા સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. બહેરાશની સમસ્યા વધવા પાછળ વધતી વય અને વ્યક્તિને થયેલ ખુબ શરદી કે કાનની બિમારી ઉપરાંત મોટા કારખાનામાં સતત ઘોંઘાટ વચ્ચે કામ કરવું, મોટા વાહનમાં એન્જિનની નજીક બેસી લાંબી મુસાફરી વારંવાર કરવી, અત્યંત મોટા અવાજવાળા ફટાકડા ફોડવા, ખૂબ કર્કશ અવાજ ધરાવતા ઉપકરણો સાથે લાંબો સમય કામ કરવું, કાનમાં સફાઇ માટે સળી કે પિન નાખવાના અખતરાં કરવાં, સતત બિનજરૂરી હોર્ન વગાડવાની ટેવ હોવી વગેરે ઉપરાંત આપણી સામાજિક બેજવાબદારી પણ એક પરિબળ છે જેમાં આપણે વાર-તહેવારે વિવિધ આયોજનોમાં જાહેર સંગીતના નામે ડિજે અથવા મસમોટી સાઉન્ડ સિસ્ટમ સાથે પેદા કરતાં ઘોંઘાટ કરતા રહીયે છીએ તે પણ જવાબદાર બની શકે છે.

વળી, સીધું જ કાનમાં નાજુક અવયવોને નુકસાન પહોંચાડે તે રીતે ઈયરપ્લગ લગાડી વધુ પડતાં મોટા અવાજે સંગીત સાંભળવું પણ એટલું જ ખતરનાક છે, જો આ ટેવ પાછી ચાલુ વાહને હોય તો અકસ્માતનો પણ ખતરો વધી જાય છે.

રોજબરોજના અનેકવિધ જનજીવનમાં મોટાભાગના દર્દીઓને તો ખબર પણ નથી પડતી કે તેઓ બહેરાશનો ભોગ બન્યાં છે. આ રોગ દેખિતો રોગ ના હોવાથી અને દર્દી સામાન્ય જ રહેતો હોવાથી અન્ય વ્યક્તિને તેની તકલીફની ખબર પડતી નથી જેથી તે પરિવારમાં કે સમાજમાં વારંવાર કૌટુંબિક ઉપેક્ષાનો કે ઠપકાનો ભોગ બને છે. અન્ય વ્યક્તિને લાગતું જ નથી કે તે વ્યક્તિને કોઈ દર્દ કે તકલીફ છે જેના પરિણામે તે ધીમે ધીમે તે આત્મવિશ્વાસ ગુમાવે છે. બહેરાશની પદ્ધતિસર સારવાર ઉપલબ્ધ છે પરંતુ આ સમસ્યા માટે સૌથી વધુ જરૂર આવી તકલીફ ધરાવનારાઓ પ્રત્યે સમજદારીભર્યુ વર્તન દાખવવા સાથે તેમનું આત્મ સન્માન જાળવવાની છે તેમજ આપણી આસપાસ બિનજરૂરી વધુ પડતો ઘોંઘાટ ના થાય તે જોવાની પણ છે. બાળકો અને યુવાનોને પણ ઈયરફોનમાં મોટા અવાજે ઘોંઘાટ સાંભળવાની આદતથી બચવાની જરૂર છે.

પ્રતિભાવો આવકાર્યઃ **samirtalod@yahoo.com**